અપીલ અરજી નં.૩૯૭ તા.૧૦–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબે
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબેની તા.૫–૨–૧૧ની અરજીથી પુણા કુંભારીયા રોડ ઉપર અને ભકિતધામ આગળ આવેલ ઓટો પોઈન્ટ અને ગંગા ઓટોમોબાઈલના આજુ બાજુ નિર્માણ થઈ ગયા અને નિર્માણ થઈ રહયા બાંધકામ ગેરકાયદેસર છે કે કેમ? સંપૂર્ણ વિગત વિના પ્લાન નકશાની આપો. પ્લાનની કોપી અને નકશાની જરૂર નથી. નેમીનાથ પરવત પાટીયા માતાજીના મંદિર પાસે બનાવવામાં આવતા ગાયત્રીનગરના ગેટ ઉપર બાંધકામ કાયદેસર છે કે કેમ? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૦–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૭/૨૦૧૦–૧૧.

શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબેની તા.૫–૨–૧૧ની અરજીથી પુણા કુંભારીયા રોડ ઉપર અને ભકિતધામ આગળ આવેલ ઓટો પોઈન્ટ અને ગંગા ઓટોમોબાઈલના આજુ બાજુ નિર્માણ થઈ ગયા અને નિર્માણ થઈ રહયા રહેલા બાંધકામ ગેરકાયદેસર છે કે કેમ? સંપૂર્ણ વિગત વિના પ્લાન નકશાની આપો. પ્લાનની કોપી અને નકશાની જરૂર નથી નેમીનાથ પરવત પાટીયા માતાજીના મંદિર પાસે બનાવવામાં આવતા ગાયત્રીનગરના ગેટ ઉપર બાંધકામ કાયદેસર છે કે કેમ? તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૪૨ તા.૧૮–૩–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં. ૪૪૪૪ તા.૩૦–૩–૧૧ થી અત્રેના વિભાગનો પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ, અરજદારને આપેલી માહિતીની વિગત અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૪૪૩ તા.૩૦–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં જવાબ મળ્યો નથી તેવું જણાવી નારાજ થઈ અરજદારે તા.૧૦–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારનેનં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૪૪૩ તા.૩૦–૩–૧૧ થી " પુણા કુંભારીયા રોડ ભકિતધામના આજુ બાજુમાં નિર્માણ થઈ રહેલા બાંધકામ બાબતે જણાવવાનું કે " ટી.પી.સ્કીમ નં.૬૪ (ડુંભાલ–મગોબ) ફા.પ્લોટ નં.૨૮ પૈકીમાં થઈ રહેલ બાંધકામ બાબતે લીબાંયતઝોન ખાતેથી કાયદેસર કાર્યવાહી કરી બીપીએમસી એકટની કલમ–૨૬૦(૧)(અ) મુજબ નોટીસ લીબાયતઝોનના આ.નં.સા.ઈ.ઝોન/૫૩૭૪ તા.૨૩–૨–૧૧ થી કારણ દર્શક નોટીસ તેમજ કલમ–૨૬૭ મુજબ સા.ઈ.ઝોન/૫૩૭૩ તા.૨૩–૨–૧૧ થી મનાઈ હુકમ આપવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે સંલગ્ન મિલ્કતોમાં સબ પ્લોટ નં.૮ તથા ૯ વાળી મિલ્કતમાં લીબાંયતઝોન ખાતે તા.૧૫–૯–૧૦ થી તેમજ સબ પ્લોટ નં.૧૨ તથા ૧૩ માં લીંબાયતઝોન ખાતે તા.૨૫–૧૧–૧૦ થી બાંધકામની વિકાસ પરવાનગીની અરજી કરવામાં આવેલ છે." તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી નેમીનાથ પરવત પાટીયા માતાજીના મંદિર પાસે બનાવવામાં આવતા ગાયત્રીનગરના ગેટ ઉપર બાંધકામ કાયદેસર છે કે કેમ? તેની વિગતો અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહી પૂરી પડાયેલી નેમીનાથ પરવત પાટીયા માતાજીના મંદિર પાસે બનાવવામાં આવતા ગાયત્રીનગરના ગેટ ઉપર બાંધકામ અંગેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબે,